**પોલીસ અધિક્ષકની કચેરી ખેડા-નડીયાદ**
**જિલ્લા પોલીસ ગેઝેટ નં.૪૦/૨૦૧૨**
**તા.૧/૧૦//૨૦૧૨ થી તા.૭/૧૦/૨૦૧૨ સુધી**

## (૧) રજા વિભાગ

**(૨૪૧) ક્રમાંકઃમકમ/૪/૨૯૦/એસબી/હાજર/વ.૧૨૫૬/૨૦૧૨/૨૦૬૭૩ તા.૦૩/૧૦/૨૦૧૦**

નડીયાદ ટાઉન પો.સ્ટે.માં ફરજ બજાવતા અ.પો.કો. રતીલાલ દાનાભાઇ બ.નં.૧૩૫૫નાઓ જ્યારે કપડવંજ ટાઉન પો.સ્ટે.માં ફરજ બજાવતા હતા, ત્યારે તેઓની બદલી નડીયાદ ટાઉન પો.સ્ટે. થતાં તેઓને તા.૨૦/૦૫/૨૦૧૨ ના રોજ કચેરી સમય બાદથી બદલીવાળી જગ્યાએ હાજર થવા છુટા કરવામાં આવેલ. તેઓ જોઇનીંગ રજા ભોગવી રહયા હતા, તે દરમ્યાન તેઓને કમરનો દુઃખાવો થતાં કઠલાલ પો.સ્ટે.થી સીક મેમો મેળવી સીક રજા ગયેલ. અને તેઓ અત્રેની કચેરીમાં મેડીકલ સારવાર/ફીટનેશ સર્ટી સાથે તેઓને આમુખ-૧ ના હુકમથી તા.૧૨/૦૯/૨૦૧૨ ના રોજ ક.સ. પહેલાંથી નડીયાદ પો.સ્ટે.માં તેમની ફરજ ઉપર હાજર કરવામાં આવેલ છે.

**(૨૪૨) ક્રમાંકઃમકમ/૪/૨૯૦/એસબી/પ્રા.રો.રૂ/૨૦૭૭૫/૨૦૧૨ તા.૦૪/૧૦/૧૨**

માતર પો.સ્ટે.ખાતે ફરજ બજાવતાં અનાર્મ એ.એસ.આઇ. ગોવિંદભાઇ રામાભાઇ બ.નં.૧૨૨૯નાઓ તા.30/૦૯/૨૦૧૨ નારોજ વય નિવૃત થયેલ હોય, ઉપરોકત વંચાણ-રમાં લીધેલ ઠરાવ અન્વયે તેઓની લ્હેણી નિકળતી દિન-300 ની પ્રાપ્ત રજાનું રોકડમાં રૂપાંતરીત કરવાની મંજુરી આપવામાં આવેલ છે.

**(૨૪૩) ક્રમાંકઃમકમ/૪/૨૯૦/એસબી/વ.૧૨૮૧/૨૦૧૨/૨૦૭૭૮ તા.૦૪/૧૦/૨૦૧૨**

નડીયાદ ટાઉન પો.સ્ટે.માં ફરજ બજાવતાં આ.પો.કો.પંકજકુમાર વશરામભાઇ બ.નં.૦૧૦ નાઓની ધર્મપત્નિને પ્રથમ પ્રસુતિ થનાર હોય તેની સારસંભાળ રાખવા માટે પોતાની હાજરીની જરૂર હોય પિતૃત્વ રજાની માંગણી કરેલ છે.

૨/- જી.સી.એસ.આર.ના નિયમ-૭૦ હેઠળ બે કરતાં ઓછા બાળકો ધરાવતા પુરૂષ સરકારી કર્મચારીને તેની પત્નીના પ્રસુતિ સમયે દિન-૧૫ ની પિતૃત્વ રજા મળવા પાત્ર છે. જેથી આ નિયમ હેઠળ મજકુર પો.કો.ની છુટા થયા તારીખથી દિન-૧૫ ની પિતૃત્વ રજા મંજુર કરવામાં આવેલ છે.

## (૨) બદલી વિભાગ

**(૯૯) ક્રમાંકઃમકમ/એસબી-૧/બદલ/૨૦૭૧૦/૨૦૧૨ તા.૩/૧૦/૨૦૧૨**

નીચે જણાવેલ પોલીસ કર્મચારીઓની વહીવટી કારણોસર જાહેરહિતમાં તેઓના નામ સામે જણાવેલ પો.સ્ટે. ખાતે બદલી કરવામાં આવેલ છે.

| અ. નં | હોદ્દો | કર્મચારીનું નામ/બક્કલ નંબર | કયા પો.સ્ટેથી | કયા પો.સ્ટેમાં |
|---|---|---|---|---|
| ૧ | અ.હે.કો. | અમરસિંહ ધુળાભાઇ બ.નં.૧૪૯૨ | ખેડા હેડકવા (કલોધીંગ સ્ટોર) | કઠલાલ પો.સ્ટે |
| ૨ | અ.પો.કો | સુરેશભાઇ ત્રિકમભાઇ બ.નં.૧૬૯૭ | કપડવંજ રૂરલ પો.સ્ટે. | ખેડા હેડકવા |
| ૩ | આ.એ.એસ.આઇ | ખોડાભાઇ ડાભઇભાઇ બ.નં.૩૬૭ | ખેડા હેડકવા | કપડવંજ રૂરલ પો.સ્ટે. |
| ૪ | આ.પો.કો | બાબુભાઇ છગનભાઇ બ.નં.૫૭૯ | નડીયાદ ટાઉન પો.સ્ટે. | કઠલાલ પો.સ્ટે. |

| | | | | |
|---|---|---|---|---|
| ૫ | અ.હે.કો | મગનભાઇ નાગરભાઇ બ.નં.૧૩૯૬ | કઠલાલ પો.સ્ટે. | મહુધા પો.સ્ટે. |
| ૬ | આ.પો.કો | ગોવિંદ લક્ષ્મણભાઇ બ.નં.૬૩૨ | કઠલાલ પો.સ્ટે. | મહુધા પો.સ્ટે. |
| ૭ | અ.એ.એસ.આઇ | પરસોત્તમભાઇ સોમાભાઇ બ.નં.૧૨૨૪ | મહેમદાવાદ પો.સ્ટે. | વીરપુર પો.સ્ટે. |
| ૮ | અ.લો.ર.પો.કો | રમેશભાઇ કોહ્યાભાઇ બ.નં.૦૮૨૯ | બાલાશિનોર પો.સ્ટે. | ખેડા હેડકવા |
| ૯ | આ.હે.કો | સલીમમીંયા નબીમીંયા બ.નં.૪૩૦ | નડીયાદ ટાઉન પો.સ્ટે. | બાલાશિનોર પો.સ્ટે. |
| ૧૦ | અ.પો.કો | નરેન્દ્ર સેંગાજી બ.નં.૮૫૮ | ચકલાસી પો.સ્ટે. | કપડવંજ ટાઉન પો.સ્ટે. |

## (૩) શિક્ષા વિભાગ

**(૬૯) ક્રમાંકઃતપસ/૩૧૦/એસબી/૨૧૦૧૧/૨૦૧૨ તા.૫/૧૦/૨૦૧૨**

હું મકરંદ ચૌહાણ પોલીસ અધિક્ષક ખેડા-નડીયાદ મુંબઇ પોલીસ શિક્ષા અને અપીલ ૧૯૫૬નાં નિયમોનાં નિયમ-૩માં મને મળેલ સત્તાની રૂએ, એ.એસ.આઇ ઇશ્વરભાઇ નારણભાઇ બ.નં.૧૧૮૮ નોકરી લીંબાસી પો.સ્ટે.(હાલ મહુધા પો.સ્ટે)નાઓને અત્રેની કચેરીનાં પત્ર ક્રમાંકઃતપસ/૩૧૦/એસબી /૧૭૬૦૦/ ૨૦૧૨ તા.૨૧/૮/૧૨ પત્રથી ફરમાવેલ સી.કા.દનો સાબિત રહેતી હોય તેઓને **"રૂ.૨૦૦/- (અંકે રૂપિયા બસો પુરા)"** રોકડ નાણાંકિય દંડ કરવાની શિક્ષા કરવામાં આવેલ છે.

**(૭૦) ક્રમાંકઃતપસ/૩૧૦/એસબી/૨૧૦૧૨/૨૦૧૨ તા.૫/૧૦/૨૦૧૨**

હું મકરંદ ચૌહાણ પોલીસ અધિક્ષક ખેડા-નડીયાદ મુંબઇ પોલીસ શિક્ષા અને અપીલ ૧૯૫૬નાં નિયમોનાં નિયમ-૩માં મને મળેલ સત્તાની રૂએ, અ.પો.કો રમેશભાઇ જીવાભાઇ બ.નં.૭૯૧ નોકરી વસો પો.સ્ટેનાઓને અત્રેની કચેરીનાં પત્ર ક્રમાંકઃતપસ/૩૧૦/એસબી/૧૮૩૨૮/૨૦૧૨ તા.૨૯/૮/૨૦૧૨ પત્રથી ફરમાવેલ સી.કા.દનો સાબિત રહેતી હોય તેઓને **"રૂ.૨૦૦/- (અંકે રૂપિયા બસો પુરા)"** રોકડ નાણાંકિય દંડ કરવાની શિક્ષા કરવામાં આવેલ છે.

## (૪) ઈજાફા/ બઢતી

**----------------------------નીલ-------------------**

## (૫) ઇનામ વિભાગ

**----------------------------નીલ-------------------**

## (૬) રાજીનામું/નિમણુંક/નિવૃત/અન્ય વિભાગ

**(૧૦૬) ક્રમાંકઃમકમ/એસબી-૧/પ્ર.તિ/આર.આર.સેલ/૧૨/૨૦૪૪૩ તા.૨૯/૯/૧૨**

નાયબ પોલીસ મહાનિરીક્ષકશ્રી, અમદાવાદ વિભાગ અમદાવાદનાઓની કચેરીની પત્ર ક્રમાંકઃએ/મકમ/આર.આર.સેલ/૫૨૫૮/૧૨ તા.૨૫/૦૯/૨૦૧૨ હુકમ અન્વયે ખેડા જીલ્લાના ચકલાસી પો.સ્ટેમાં ફરજ બજાવતાં અ.પો.કો દિલીપભાઇ ધુળાભાઇ બ.નં.૮૧૧નાઓની હંગામી ધોરણે **રેપીડ રીસ્પોન્સ સેલ (આર.આર.સેલ) અમદાવાદ વિભાગ** ખાતે એટેચ તરીકે ફરજ બજાવવા હુકમ થયેલ હોય, તેઓને નાયબ પોલીસ મહાનિરીક્ષકશ્રી, અમદાવાદ વિભાગ અમદાવાદનાઓની કચેરી ખાતે જવા છુટા કરવા હુકમ કરવામા આવેલ છે.

**(૧૦૭) ક્રમાંકઃતપસ/૩૧૦/એસબી/ફ.મો/૨૦૯૫૨/૨૦૧૨ તા.૦૪/૧૦/૨૦૧૨**

આર્મ હે.કો. વજેસિંહ અભેસિંહ બ.નં.૩૯૭ નોકરી નડીયાદ ટાઉન પો.સ્ટે.નાઓ માહે.ડિસેમ્બર/૨૦૧૨ ના માસમાં યોજાનાર ગુજરાત વિધાનસભાની ચુંટણી માટે જરૂરી ઇ.વી.એમ.નડીયાદ ખાતેના આર.ટી.ઓ. કમ્પાઉન્ડમાં ઉભા કરવામાં આવેલ સ્ટ્રોંગરૂમમાં રાખવામાં આવેલ છે અને આ સ્ટ્રોંગરૂમની સલામતી માટે નડીયાદ ટાઉન પો.સ્ટે.થી જે સુરક્ષા પોલીસ ગાર્ડ મુકવામાં આવે છે તેમાં તમારી ફરજ આજ રોજ તા.૦૪/૧૦/૨૦૧૨ ના ક.૦૮/૦૦ થી ક.૧૪/૦૦ સુધી હતી. આજ રોજ ક.૧૨/૧૫ થી ક.૧૨/૪૫ અમોએ જીલ્લા કલેકટર અને ચુંટણી અધિકારીશ્રી સાથે આ સ્ટ્રોંગરૂમની મુલાકાત લીધેલ ત્યારે, તમો ફરજ પર હાજર મળેલ ન હતા. ઉપરાંત પો.ઇ.શ્રી નડીયાદ ટાઉન પો.સ્ટે.નાઓએ પણ આજ રોજ ક.૧૨/૪૫ થી ક.૧૩/૦૦ સુધી સ્ટ્રોંગરૂમની મુલાકાત લીધેલ ત્યારે પણ તમો ગેરહાજર મળી આવેલ હતા.

૨/- આમ, તમો તમારી ઇ.વી.એમ.મશીનના સ્ટ્રોંગરૂમ ખાતે સુરક્ષા ગાર્ડની ખુબ જ મહત્વની ફરજ પર ગેરહાજર રહી ફરજ પ્રત્યે ગંભીર બેદરકારી, નિષ્કાળજી અને ઘોર ઉપેક્ષા સેવેલ હોય, તમારા વિરૂધ્ધની ખા.ત.નો નિકાલ ન આવે ત્યાં સુધી અગર તો પુનઃનિયુકતનો હુકમ ન થાય ત્યાં સુધી હુકમ મળ્યા તારીખથી ફરજ મોકુફ કરવામાં આવે છે અને તમારૂં ફરજ મોકુફીના સમયનું મુખ્ય મથક **"વિરપુર પો.સ્ટે."** નક્કી કરવામાં આવેલ છે.

૩/- ફરજ મોકુફીના પ્રથમ છ માસ માટે તમો અર્ધપગારી રજા ઉપર હોય તો તમોને જે પગાર મળવાપાત્ર થાય તેટલી રકમ જેટલી તમોને નિર્વાહભથ્થું તરીકે મળશે.

૪/- ગુજરાત સિવિલ સર્વિસ રૂલ્સ ૨૦૦૨ (જોઈનીંગ ટાઈમ ફોરેન સર્વિસ વિ.) ના પ્રકરણ-૫ ના નિયમ-૬૮ અનુસાર ચુકવવામાં આવેલ નિર્વાહ ભથ્થાના દર પર મળવાપાત્ર રકમ જેટલું મોંઘવારી ભથ્થું તેમજ નિયમોનુસાર અન્ય મળવાપાત્ર ભથ્થા મળશે.

૫/- ફરજ મોકુફીના સમય દરમ્યાન તેઓ પોલીસ અમલદાર મટી જતા નથી, જે તમોએ ધ્યાનમાં રાખવું અને તમારી ફ.મો.કર્યા પહેલાની પોલીસ ખાતાની તમામ જવાબદારીઓ શિસ્ત અને નિયમને પાત્ર રહેશે, પરંતુ પો.અમલદાર તરીકે સત્તાઓ, કર્તવ્ય અને હક્કો ફ.મો.ના સમયમાં મોકુફ કરવામાં આવેલ છે.

૬/- ફરજ મોકુફીના સમય દરમ્યાન તમારૂં મુખ્ય મથક વિરપુર પોલીસ મથક રહેશે. મુખ્ય મથક છોડવાના પ્રસંગે સક્ષમ અધિકારીને પુરૂ સરનામું આપવાનું રહેશે. તથા જાણ કર્યા સિવાય મુખ્ય મથક છોડવામાં આવશે તો તેઓનું નિર્વાહ ભથ્થું તે સમય માટે ચુકવવામાં આવશે નહી.

૭/- ગુજરાત સેવા વર્તણુંક નિયમો ૧૯૭૧ ના નિયમ-૧૫ ની જોગવાઈની દ્રષ્ટિએ ફરજ મોકુફીના સમય દરમ્યાન કોઈ ખાનગી નોકરી ધંધો કરી શકાશે નહી. જો ફરજ મોકુફીના સમય દરમ્યાન નોકરી ધંધો કરશે તો તે ગેરવર્તણુંક બદલ ગુનેગાર ઠરશે અને તેઓના વિરૂધ્ધ ખાતારાહે પગલાં લેવાને પાત્ર થશે અને નિર્વાહ ભથ્થું મેળવવાનો હક્ક પણ ગુમાવશે.

**(૧૦૮) ક્રમાંકઃમકમ/એસબી-૩/૨૦૯૮૩/૨૦૧૨ તા.૫/૧૦/૨૦૧૨.**

પોલીસ મહાનિરીક્ષક અને કમિશ્નરશ્રી તકનિકી સેવાઓ, ગુ.રા.ગાંધીનગરના જીસ્વાન ફેકસ મેસેજ નં.WL-1?STAFF DEP?VVIP?BDST/2012/4054 તા.૪/૧૦/૨૦૧૨નાં મેસેજ આધારે અત્રેના જીલ્લાના ખેડા હેડકવાર્ટર વાયરલેસ વિભાગમાં ફરજ બજાવતા રે.ટે. શ્રી એન.એ.પટેલનાઓને વી.વી.આઇ.પી બંદોબસ્ત માટે ભરૂચ ખાતે પોલીસ અધિક્ષકશ્રી, ભરૂચ નાઓને તા.૦૫/૧૦/૨૦૧૨ ના ક.૧૬/૦૦ વાગે રીપોર્ટ કરે તે રીતે છુટા કરી મોકલી આપવા હુકમ કરવામાં આવેલ છે.

**(૧૦૯) ક્રમાંકઃમકમ/૪/૨૬૦/એસબી/હાજર/વ.૧૨૯૨/૨૦૧૨/૨૦૭૫૫ તા.૦૩/૧૦/૧૨**

ઠાસરા પો.સ્ટે.માં ફરજ બજાવતા આ.હે.કો. વિનુંભાઇ ત્રિભોવનદાસ બ.નં.૪૧૭ નાઓ તા.૦૮/૦૯/૨૦૧૨ ના રોજ પોતાની મનસ્વીપણે ફરજ પરથી ગેરહાજર પડેલ હતા. તેઓ મેડીકલ સર્ટી સાથે ફરજ પર હાજર થવા આવાતાં તેઓને તા.૦૩/૧૦/૨૦૧૨ ના રોજ ક.સ.પહેલાંથી ઠાસરા પો.સ્ટે.માં ફરજ બજાવવા હાજર કરવામાં આવેલ છે.

**(૧૧૦) ક્રમાંકઃમકમ/એસબી-૧/બેન્ડ રીફ્રેશર/૨૧૧૭૪/૨૦૧૨ તા.૬/૧૦/૨૦૧૨**

ગુજરાત પોલીસ અકાદમી કરાઇ, જી. ગાંધીનગર ખાતે તા.૦૮/૧૦/૨૦૧૨ થી બેન્ડ મેન રીફ્રેશર બેચ નં.૨૭ તથા બ્યુગલર બેચ નં.૧૧ની તાલીમ ત્રણ માસ માટે શરૂ થનાર છે. આ કોર્ષમાં નીચે જણાવેલ ખેડા જીલ્લા બેન્ડ વિભાગના અ.નં.૧ અને ૨ , ખેડા હેડકવાના અ.નં.૩ તથા નડીયાદ ટાઉન પો.સ્ટેના અ.નં.૪ કર્મચારીઓને તા.૦૭/૧૦/૨૦૧૨ ના રોજ ગુજરાત પોલીસ અકાદમી, કરાઇ ખાતે બેન્ડ પો.સ.ઇ.ને રીપોર્ટ કરે તે રીતે છુટા કરી મોકલી આપવા હુકમ કરવામાં આવેલ છે.

| અ.નં. | હોદ્દો | નામ | પો.સ્ટે. | રીમાર્કસ |
|---|---|---|---|---|
| ૧ | આર્મ લો.ર.પો.કો | હસમુખભાઇ મનુભાઇ બ.નં.૦૩૧૩ | ખેડા હેડકવા **(બેન્ડ વિભાગ)** | બેન્ડમેન રીફ્રેશર કોર્ષ |
| ૨ | આર્મ લો.ર.પો.કો | બિપીનકુમાર કરશનભાઇ બ.નં.૦૩૬૭ | ખેડા હેડકવા **(બેન્ડ વિભાગ)** | બેન્ડમેન રીફ્રેશર કોર્ષ |
| ૩ | આર્મ લો.ર.પો.કો | અરાફતુલ્લાખાન યુસુફખાન પઠાણ | ખેડા હેડકવા | બ્યુગલર તાલીમ |
| ૪ | આર્મ લો.ર.પો.કો | મહિપાલસિંહ ઇશ્વરસિંહ ચાવડા | નડીયાદ ટાઉન | બ્યુગલર તાલીમ |

**સહી/-**
**(કે.એન.રાજપુત)**
કચેરી અધિક્ષક
પોલીસ અધિક્ષકની કચેરી
ખેડા-નડીયાદ

**પ્રતિ,**

જીલ્લાના તમામ પોલીસ અમલદારો તરફ/તમામ સી.પી.આઇ./રીપોસઈ ખેડા હેકવા./તમામ શાખા

**નકલ રવાનાઃ-** મદદનીશ પો.અધિ.શ્રી નડીયાદ/ના.પો.અધિ.કપડવંજ/મુ.મ.ખેડા-નડીયાદ
હિસાબી શાખા (૪ પ્રત)/ડીપીજી